**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૮ ટકા

# બોળચોથ સાથે આજથી સાતમ-આઠમના તહેવારોનો આરંભ

## નાગપાંચમના ખાજા, શીતળા સાતમે ઠંડુ ભોજન, જન્માષ્ટમીના દિવસે ફરાળી થાળી



ગાંધીનગર, તા.૨૫

આજે બોળચોથના દિવસે ગાય માતાનું પૂજન કરવામાં આવશે. શુક્રવારે નાગ પાંચમે નાગદેવતાનું પૂજન કરાશે રાંધણ છઠ્ઠના રોજ ચુલાનું પૂજન, રવિવારે શીતળા સાતમે મહિલાઓ માતાજીના મંદિરે કુલેર, નાળીયેર ધરશે, સોમવારે 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદ સાથે શ્રધ્ધા અને ભકિતથી જન્માષ્ટમી ઉજવાશે.

જન્માષ્ટમી પર્વના દિવસોનો આજથી પ્રારંભ થયો છે ત્યારે આજે બોળચોથ છે. દરેક પંચાગમાં બોળચોથ બુધવારે લખાયેલ છે. બોળચોથના રોજ ગાય માતાની પૂજા તથા પ્રદક્ષિણા કરવામાં આવે છે. મહિલાઓ ઉપવાસ કે એકટાણા કરે છે અને સાંજે ગાય માતાનું પૂજન કરીને ભકિત દર્શાવે છે. ગાયમાં ૩૩ કરોડ દેવતા અને લક્ષ્મીનો વાસ માનવામાં આવે છે. ગાય માતાનું પૂજન કરવાથી બધા જ દેવી દેવતાઓનું પૂજન થઈ જાય છે તેમ માનવામાં આવ છે. બોળચોથના દિવસે ગાયને નવી ઝુલ, ઘંટડી અને શણગાર કરવામાં આવ છે સાથે વાછરડાનું પણ પૂજન કરવામાં આવે છે.

શુક્રવારે નાગપાંચમ છે. બધા જ મંદિરોમાં નાગદેવતાનું પૂજન થશે. આ દિવસે બધી મહીલાઓ ઘરના પાણીયારે અથવા મંદિરે દીવો કરી બાજરા કુલેર, નાળીયેર ધરે છે અને આગલા દિવસે પલાળેલા મગ, મઠ, કઠોળનું નૈવદ ધરીને એકટાણું કરે છે.

શનિવારે રાંધણ છઠ્ઠ છે. આ તહેવારમાં શહેર તથા ગામોમાં મહિલાઓ રસોડામાં મિષ્ટાન સહિતની સામગ્રીઓ બનાવે છે અને ચુલો ઠારવાની પરંપરા નિભાવે છે. રાંધણ છઠ્ઠનો તહેવાર શીતળા સાતમને અનુલક્ષીને મનાવવામાં આવે છે. સાતમના દિવસે રસોઈ બનાવવામાં આવતી નથી. મહિલાઓ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવે છે. રાંધણ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવીને રાત્રે ચુલો ઠારી બંધ કરી તેના પર ફુલની માળા, કંકુ, ચોખા, અબીલ ગુલાલથી પૂજન કરવામાં આવે છે.

શીતળા સાતમ રવિવારે છે. શીતળા સાતમના દિવસે મા શીતળાનું પૂજન, દર્શન તથા કુલેર ધરવામાં આવે છે.


સોમવારે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી છે. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકીનો નાદ ગુંજી ઉઠશે. આ વખતે જન્માષ્ટમીના મેળા, જન્માષ્ટમી શોભાયાત્રા યોજાશે નહિ પરંતુ રાત્રે ૧૨ વાગે કૃષ્ણ જન્મોત્સવ મંદિરોમાં મર્યાદિત ભાવિકોની ઉપસ્થિતિમાં ઉજવાશે.

રાંધણ છઠ્ઠના દિવસે મહિલાઓ થેપલાં, પૂરી, મમરા, દહીંનું રાઈતું, શાક અનેક ફરસાણ બનાવે છે. આજકાલના જમાનામાં રાત્રે આ ફરસાણ વધ્યું હોય તો ભેળ બનાવીને ખાવાની અથવા તો પાણીપુરીનો કાર્યક્રમ રાખવામાં આવે છે એટલે તહેવાર સચવાઈ જાય, દરેક ઘરમાં તેમની પસંદગી પ્રમાણે અલગ અલગ વાનગી બને છે.

રાજાધિરાજ ભગવાન શ્રીકૃષ્ણના જન્મદિવસ પર્વ નિમિત્તે શ્રધ્ધાળુઓ ઉપવાસ કરે છે. જેમાં ફરાળમાં બટાટાનું શાક, રાજગરાની પુરી, રાજગરાનો શીરો, મોરૈયો, કઢી અને સાબુદાણાના પાપડ તેમજ બાસુંદી કે ફ્રુટ સેલડ ખાવામાં આવે છે.



**નાગ પાંચમના દિવસે ખાજા ખાવાનો એક રિવાજ બની ગયો છે. શુધ્ધ અથવા વનસ્પતિ ઘીના ગળ્યા ખાજા, તીખા ખાજા અને મોળા ખાજા ખાવામાં આવે છે. શ્રાવણ મહિનાની શરૂઆતના દિવસોમાં જ મીઠાઈ અને ફરસાણના દુકાનદારોને ત્યાં ખાજા વેચવામાં આવે છે પરંતુ ખાજાની સૌથી વધારે ડીમાન્ડ નાગપાંચમના દિવસે જોવા મળે છે. ગળ્યા ખાજામાં ઉપર દળેલી ખાંડનું પડ હોય છે અને ખૂબ ટેસ્ટી લાગે છે. તીખા ખાજામાં લાલા મરચા અને બીજા મસાલાની તીખાશ હોય છે.**



# સેકટર-૧૧ પોસ્ટ ઓફિસ ખાતે સન્માન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૨૫

સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, ગાંધીનગર ડિવીઝન ખાતેની કચેરીએ સોવેરેન ગોલ્ડ બોન્ડ ૨૦૨૧-૨૨ સિરીઝ (પાંચ) (તારીખ-૯/૮/૨૧ થી ૧૩/૮/૨૧) દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરેલ ડીવીઝનના પોસ્ટ માસ્તરોને તેમની કામગીરીને બીરદાવવા સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ઝીણાભાઈ પી. ભરવાડે ૪૦૨ ગ્રામ ગોલ્ડ બોન્ડ સેલ કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. હાર્દિક ભટ્ટે ૧૨૫ ગ્રામ ગોલ્ડ બોન્ડ સેલ કરીને બ્રાન્ચ પોસ્ટ માસ્તર કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત એન.ડી. ચૌહાણ, હંસાબેન ડામોર, એચ.બી. ગજ્જર, ડી.એફ. ઠાકોર, રાજુભાઈ દેસાઈ, સાગર પટેલ જે.એલ. ડોડિયા, આર.વી. પટેલ સહિત કર્મચારીઓને સર્ટીફિકેટ અને મોમેન્ટોથી સન્માનિત કર્યા હતા. સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસર દ્વારા આ તમામ પોસ્ટ માસ્તરોને સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીના સોવેરેન ગોલ્ડ બોન્ડના ટ્રેન્ચ દરમિયાન ગાંધીનગર ડિવિઝને સમગ્ર ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ છે અને આ જ પ્રમાણે સોવેરેન ગોલ્ડ બોન્ડ ટ્રેન્ચ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવે તે માટે સમગ્ર કર્મચારીગણને સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફિસરે પ્રોત્સાહિત કર્યા હતા.

# સિવિલના પ્રવેશદ્વાર પરથી ગુટખા, મસાલા, તમાકુ, બીડી સહિતનો સામાન જપ્ત

## અત્યાર સુધીમાં ૭ કિલોથી વધુ સામાન જપ્ત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસિપટલમાં પ્રવેશદ્વાર સિક્યુરીટી ગાર્ડ દ્વારા પ્રવેશ મેળવતા દરેક દર્દી તેમજ સ્વજનોને ચેક કરવામાં આવે છે. તેમની પાસે રહેલ પાન,બીડી, સિગારેટ, મસાલો, ગુટખા, તમાકું, પાનમસાલા, સહિતનો સામાન લઈ લેવામાં આવે છે. ત્યારે સિવિલમાં કેટલાક સમયથી ચાલી રહેલી કામગીરીમાં ૭ કિલો જેટલો ગુટખા-મસાલાનો સામાન જપ્ત કરાયો છે. ત્યારે ટુંક સમયમાં સિવિલ તંત્ર દ્વારા આ સામાન ખાડો ખોદી નાશ કરવામાં આવશે.

મળતી વિગત મુજબ ગાંધીનગર હોસ્પિટલમાં તમાકુ-ગુટખા લઈ જવા પર તંત્ર દ્વારા મનાઈ ફરમાવવામાં આવી છે. જેથી ગાંધીનગર સિવિલમાં તાત્કાલીક સારવાર વિભાગ, ઓપીડી વિભાગ, નવી બિલ્ડીંગના પ્રવેશદ્વાર અને ફીવર ઓપીડીના ગેટ પાસે ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડ દ્વારા હોસ્પિટલમાં પ્રવેશ મેળવતા દરેક નાગરીકને ચેક કરવામાં આવે છે. જે નાગરીક પાસેથી તમાકુ, બીડી-સીગારેટ, પાન-મસાલા, ગુટખાનો સામાન લઈ લેવામાં આવે છે. તો કેટલાક વ્યકિતઓ સ્વેચ્છાએ બાજુમાં મુકવામાં આવેલા બોકસમાં સામાન નાંખીને જતા રહે છે. જયારે સિક્યુરીટી ગાર્ડની ફરજ પુરી થાય તે પહેલા સેનેટરી ઈન્સ્પેકટરની ઓફિસ ખાતે જમા થાય છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી આ કામગીરીને પગલે ગુટખા-પાન મસાલાનો ૭ કિલો જેટલો સામાન જમા થયેલ છે. આ સામાનને આગામી દિવસોમાં કેમ્પસમાં ખાડો ખોદીને તેનો નાશ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. સિક્યુરીટી ગાર્ડના કડક ચેંકીગ વચ્ચે પણ કેટલાક વ્યસની વ્યકિતઓ ગમે તેમ કરીને છુપાઈને પણ મસાલા-ગુટખા સહિતનો સામાન લઈ જતા હોય છે.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ઓનલાઈન ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા.૨૫

ઔદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા વ્યવહારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે પ્રથમ વર્ષના ૩૪૫ વિદ્યાર્થીઓએ મોરબી સ્થિતિ કંપનીની ઓનલાઈન મુલાકાત લીધી હતી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. રમાકાંતપૃષ્ટિ ઉપસ્થિત રહ્યા હતા. જયેશ તન્ના દ્વારા વિઝિટનું સંચાલન તેમજ સંકલન કરવામાં આવ્યું હતું. કંપનીના ઓનર જયેશભાઈ પટેલ, વિવેક પટેલ, સાવન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ઉપાચાર્ય પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

# રક્ષાશક્તિ સર્કલથી કોબા સર્કલ વચ્ચે ટ્રીમીંગનો અભાવ

ગાંધીનગર, તા.૨૫

રાજયના પાટનગરમાં સૌથી હરીયાળો વિસ્તાર રક્ષાશકિત સર્કલથી કોબા સર્કલનો ગણાય છે. અમદાવાદ તરફથી પ્રવેશ થતાં જ વૃક્ષો અને ડીવાઈડર ઉપરના છોડની હરીયાળી આકર્ષક બની સુંદરતામાં વધારો કરી રહી છે. પરંતુ આ હરીયાળા વિસ્તારના વૃક્ષો અને ડીવાઈડર વચ્ચેના છોડોનું સમયસર ટ્રીમીંગ ન થતાં જંગલ જેવુ ભાસી રહ્યુ છે. ઓછા વરસાદે પણ કુદરતના ખોળે ઉછરતી આ પ્રજાતી સોળે કળાએ ખીલી ઉઠીને લીલીછમ બની છે જેમાં આડા-અવળી રીતે વિકસતા આ વૃક્ષો અને છોડ યોગ્ય માવજત ન મળતાં કદરૂપા લાગી રહ્યા છે. કેન્દ્રીયમંત્રીઓ તેમજ સ્થાનિક મંત્રીઓના આવનજાવનથી ભરપૂર આ માર્ગ પ્રત્યે વન વિભાગની ઉદાશીનતા નજરે પડી રહી છે. હરીયાળા પાટનગરના બિરૂદથી ઝળહળતા ગાંધીનગરમાં વૃક્ષોનું સમયસર ટ્રીમીંગ થતુ ન હોવાનુ દરેક સ્થળો ઉપરથી જણાઈ રહ્યુ છે. ડીવાઈડર ઉપરના વાવેલા છોડ વટવૃક્ષ બની ગયા છે અને આજુબાજુ મારેલી જાળીઓથી બહાર આવી વિચિત્ર જણાઈ રહ્યુ છે. જેથી આ માર્ગ ઉપર સત્વરે તંત્ર દ્વારા ટ્રીમીંગ કરવામાં આવે તેવી પર્યાવરણ પ્રેમીઓની માંગ ઉઠી છે.





# શહેરની મધ્યમાં જ બેરોકટોક જાહેરમાં કચરો બાળવાની નિયમિત પ્રવૃત્તિ

## સે-૧૬માં પાટનગર યોજના ભવન પાછળ નિયમિત કચરાના ઢગ બાળવામાં આવે છે : અત્યંત ભરચક રહેતા આ કોમર્શિયલ વિસ્તારમાં જાહેર કચરા માટે ડસ્ટબીન કન્ટેનર્સનો અભાવ

ગાંધીનગર, તા.૨૫

એક તરફ ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવા માટે તંત્રનો અભરખો ઉડીને આંખે વળગી રહ્યો છે પરંતુ બીજી તરફ અનેક વિસ્તારો એવા છે કે જ્યાં કચરો નાખવા માટે કચરાના નિકાલ માટે પુરતી જાહેર ડસ્ટબીનો પણ મૂકવામાં નથી જેના કારણે કચરાના ઢગ ખડકાયા છે અને છેવટે તેને પર્યાવરણને નુકશાન થતું હોવા છતાં પણ જાહેરમાં બાળવામાં આવે છે. શહેરની મધ્યમાં ભરચક કોમર્શિયલ ધરાવતા સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવનની પાછળના વિસ્તારમાં જાહેરમાં કચરો બાળવાની ઘટના વારંવાર જોવા મળી રહી છે.

સેકટર-૧૬માં જયાં જાહેરમાં કચરો બાળવામાં આવી રહ્યો છે તેના આગળના ભાગમાં પાટનગર યોજના ભવન ઉપરાંત આશરે સાતેક બેંકોની શાખાઓ કાર્યરત છે, બે હોસ્પિટલો, લેબોરેટરી, રેસ્ટોરન્ટ્સ તથા ઈશરત જહાં કેસની સીબીઆઈની ઓફિસ સહિત અનેક ખાનગી વેપારી એકમની કચેરીઓ અને દુકાનો આવેલી છે જેથી અહીં દિવસ દરમ્યાન મુલાકાતીઓનો ધસારો પણ મોટી સંખ્યામાં રહે છે, તેમ છતાં આ વિસ્તારમાં કચરાના નિકાલ માટે એક પણ જાહેર ડસ્ટબીન કન્ટેનર મુકવામાં આવ્યું નથી. આ વિસ્તારનો મોટા ભાગનો કચરો સફાઈ કર્મચારીઓ દ્વારા વાળીને એક સ્થળે એકઠો કરી ઢગલો કરવામાં આવે છે જેનો નિકાલ કરવા કોઈને કોઈ દિવાસળી ચાંપીને સળગાવી મૂકે છે. આ રીતે જાહેરમાં કચરો બાળવા પર પ્રતિબંધ હોવા છતાં આ પ્રકારની ઘટના અહીં વારંવાર સર્જાય છે, જેના કારણે પ્રદૂષણ તો સર્જાય જ છે પરંતુ આ વિસ્તારના દુકાનધારકો અને કચેરીઓના કર્મચારીઓ પણ ધુમાડાથી પરેશાન થઈ ઉઠે છે. આ વિસ્તારમાં જાહેર કચરા માટે ડસ્ટબીન કન્ટેનર મુકાય અને તેમાંથી નિયમિતપણે કચરો લઈ જઈને ખાલી કરાય તેવી વ્યવસ્થા ગોઠવાય તે અત્યંત જરૂરી બન્યું છે.

### જાહેરમાં કચરો બાળવામાં અનેક જોખમો

જાહેરમાં કચરો બાળવાથી થતાં પ્રદુષણને રોકવા માટે આકરા કાયદા બનાવાયાં છે જેમાં ૫ હજારથી ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ છે. વળી, કોઈ પણ વસ્તુને બાળવાથી ગરમી અને કાર્બનડાયોક્સાઈડ કે કોઈવાર અપૂરતા દહનથી મોનોક્સાઈડ પણ ઉત્પન્ન થાય છે જે વિશેષ ઘાતક છે અને સાથે પ્લાસ્ટિક હોય તો એનઓએક્સ, સીઓએક્સ કે એસઓએક્સ જેવાં જોખમી વાયુઓ પેદા થાય છે જે ગ્લોબલ વોર્મિંગ વાયુઓ છે જે શ્વસન માટે નકામાં અને હાનિકારક પણ છે. ઘણાં વાયુઓ ભારે હોવાથી નીચે જ રહી જતાં સતત શ્વાસમાં આવે છે. જે માથાનો દુઃખાવો, ચક્કર, ઊંઘ, ઉબકા, આંખમાં લાલાશ, ઈન્ફેક્સન, ગુંગળામણ કે ગભરામણ વગેરે જેવી સ્થિતિ ઉત્પન કરે છે. આસપાસમાં જો નાના બાળકો કે એવાં વયસ્કો હોય જેના ફેફસાંએ કામ કરવાનું ઓછું કરી દીધું હોય અથવા કોવિડ પેશન્ટ, હાર્ટ પેશન્ટ કે શ્વાસનો રોગી હોય જેને હવામાંથી ઓક્સિજનના બદલે જો કાર્બનડાયોક્સાઈડ શ્વાસમાં જાય તો તેના માટે જોખમી બની શકે છે.



### સ્વચ્છતા બાબતે સરકારી કચેરીઓમાં જ ઉદાસીનતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વચ્છ ભારત અભિયાનની અસર સરકારી કચેરીઓમાં જ વર્તાતી નથી. સેક્ટર-૧૬માં ગાંધીનગર શહેરમાં મોટાભાગની માળખાકીય સુવિધા પુરી પાડતી કચેરીના બિલ્ડિંગમાં સ્થિત નેશનલ હાઈવેની કચેરીમાં ટોયલેટની નિયમિત સફાઈ બાબતે બેદરકારી સેવાતી હોવાથી તેના ટોયલેટ્સ ખૂબ ગંદા હોવાનું જાણવા મળ્યું છે. આવી સ્થિતિ પાટનગરમાં અનેક સરકારી ભવનોમાં પણ જોવા મળે છે જેના કારણે જ્યારે નાગરિકો સરકારી કચેરીની મુલકાત લે છે ત્યારે તેની સરકારી તંત્ર સફાઈ બાબતે કેવું બોદું છે તેની સ્પષ્ટ છાપ લઈને જાય છે.

## જન્મદિને વધામણી



હર્ષદ રૂપપરા
માહિતી મદદનીશ
મો. ૯૭૨૬૫ ૧૫૨૯૫



જાડેજા દિવ્યરાજસિંહ ભૂપેન્દ્રસિંહ
મો. ૯૬૨૪૬ ૨૧૪૧૬



પ્રજાપતિ પારુલબેન દિપકભાઈ



શિવાંશ ગૌરવ પોપટ



કિઆન ધર્મેશકુમાર પરમાર

### શહેરમાં લોકપ્રિય ગાયક મુકેશજીને શ્રધ્ધાંજલિ આપતો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

મુકેશજીની ૪૫મી તીથી સંદર્ભે ૨૭ ઓગસ્ટના રોજ નવો શો આવી રહ્યો છે. જે ૨૬ થી




૨૯ તારીખ દરમિયાન યોજાશે. જેનો પ્રારંભ ૨૬મી રાત્રે ૮ થી શરૂ થશે. જેમાં વોઈસ ઓફ મુકેશ ભરત ગજ્જર, જયોતિ ગજ્જર શો કરશે. આ શો દોલતસિંહ ફોટોગ્રાફર દ્વારા અર્પણ કરાશે. જેમાં મુકેશજીના અણ સાંભળ્યા ગીતો જોવા મળશે. તા. ૨૭થી ૨૯ ઓગસ્ટ દરમિયાન શહેરના જ કલાકારો સતુભા રાઠોડ, પ્રવીણ રાવલ, ભરત વાણીયા, શ્રવણ પરમાર, હીમાંશુ પુરોહીત, અતુલ દવે, પરેશ ત્રિવેદી, ભરત પ્રજાપતિ મુકેશજીને સ્વરાંજલી આપશે. આ કાર્યક્રમ એફ બી લાઈવ કરવામાં આવશે. તેથી સંગીત ચાહકોને આ કાર્યક્રમમાં જોડાવા અને શ્રધ્ધાંજલી આપવા જણાવેલ છે.